# AnandNiketan
## Maninagar Campus

| Grade : VII | Subject : Gujarati | Date : |
|---|---|---|
| પાઠ – ૩,૪,૫,૭ ,કવિતા – ૬ અપઠિત ગદ્યાર્થ , રચનાત્મક કાર્ય , અનુચ્છેદ લેખન , ચિત્ર વર્ણન . | EMPOWER -1<br>**Practice Worksheet** | **Empower 1 – 80 Marks**<br>**Dictation - 15 Marks**<br>**Subject Enrichment - 5 Marks**<br>**Notebook - 5 Marks** |

વિભાગ-ક

**પ્ર.૧ ( અ ) નીચે આપેલા ગદ્યાર્થ ને ધ્યાન થી વાંચો અને પૂછેલાપ્રશ્નોનાં જવાબ આપો.**

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી . અભ્યાસ વિના સંસ્કાર દ્રઢ થતાં નથી તે જણાયું , એટલે ગમે તે રીતે અભ્યાસ કરાવવા મથીએ છીએ . દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી, લાલચથી અને પ્રેમથી . ભયથી અને લાલચથી સંસ્કાર પાડી શકાય છે એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મેનેજરો જાનવરોને ભયથી જ કેળવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પડેલી ટેવો માંથી વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડાક સમયમાં નાશ પામે છે.

**પ્રશ્નો :**

૧. દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય ?

૨. અભ્યાસ કરાવવાની કઈ રીત સરળ છે ?

૩. કોણ આશા બતાવીને સારી ટેવો પાડે છે ?

૪. નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો કૌંસમાં આપેલા વિકલ્પો માંથી શોધીને લખો.

( પ્રેમ , નિર્ભય , અસંસ્કાર )

૧. સંસ્કાર x -----　　　　૨. ભય x .........

૫. ગદ્યાર્થને યોગ્ય શીર્ષક આપો

**પ્ર.૧ ( બ ) નીચે આપેલા પદ્યાર્થ ને ધ્યાન થી વાંચો અને પૂછેલાપ્રશ્નોનાં જવાબ આપો.**

સૂરજ દાદા આવ્યા.........રથમાં બેસીને આવ્યા ..........
સાથે આખી ધરતી પર અજવાળું લાવ્યા ............
આવ્યા રે આવ્યા .......... આવ્યા રે આવ્યા ..........

ચાંદામામા આવ્યા ............. સાથે તારાઓની સેના લાવ્યા ..........
આખી ધરતી પર શીતળતા લાવ્યા .......
લાવ્યા રે આવ્યા .......... લાવ્યા રે આવ્યા ..........

વર્ષારાણી આવી........ ફોરની સેના સાથે લાવી.......

નાસી ગઈ ગરમીની રાણી ....................

આવી રે આવી .......... આવી રે આવી ..........

પવનદેવ આવ્યા .........હવાની સેના સાથે લાવ્યા ..............

જીવન આપણું ટકાવવા ......જીવન આપણું ટકાવવા........

આવ્યા રે આવ્યા .......... આવ્યા રે આવ્યા ..........

પ્રશ્નો :

પ્ર.૧ સૂરજ દાદા રથમાં બેસીને શું લઇ આવ્યા ?

પ્ર.૨ ચાંદામામા શું લાવ્યા ?

પ્ર.૩ ફોરાં ની સેના કોણ લાવ્યું ?

પ્ર.૪ આપણું જીવન કોણ ટકાવે છે ?

પ્ર.૫ કાવ્યમાં ઉલ્લેખ થયેલા પ્રકૃતિના નામ લખો. ?

## વિભાગ- ખ

પ્ર.૨ (ક ) ચિત્ર જોઇને તેનું વર્ણન ૪-૫ વાક્યમાં કરો.



પ્ર.૨ (ખ ) નીચે આપેલા કોઈપણ એક વિષય પર ૪-૫ વાક્યમાં ફકરો લખો.

. મારો રજાનો દિવસ

## વિભાગ- ગ

પ્ર.૩ નિર્દેશાનુસાર પ્રશ્નોનાં જવાબ લખો.

૧. શબ્દોનાં અર્થ લખો .

( ૧ ) તિથિપત્ર ( ૨ ) શુકનિયાળ ( ૩ ) વૈષ્ણવજન ( ૪ ) મિથ્યાભિમાન

૨. વિરોધી શબ્દ લખો .

( ૧ ) અઘરું ( ૨ ) કડક ( ૩ ) થોડું ( ૪ ) સ્વાદિષ્ટ ( ૫ ) વખાણ

૩. વાક્ય બનાવો.

( ૧ ) ઉજવણી ( ૨ ) પધરાવવું ( ૩ ) બહાદૂર ( ૪ ) બિરૂદ ( ૫ ) કૃતિ

**૪. શબ્દોને શબ્દકોષના ક્રમાનુસાર ગોઠવો,**

જાળ , ઉપર . ચઢવા , ગભરાય , કરોળિયો , હિમ્મત , ધીરજ ,ખંત , માણસો , અનંત

૫ . **ખાલીજગ્યાપૂરો .**

૧. ઊંટ લગભગ --------------- ફૂટ ઊંચા હોય છે .

૨. નવરોઝ પર ઉગાડેલા બી ને ------------- કહેવાય.

૩. ----------------- પ્રવાસ ગાથા અને લેખો માટે પ્રખ્યાત છે.

૬ . **વચન બદલીને વાક્ય બનાવો.**

( ૧ ) હજાર ( ૨ ) પુરસ્કાર ( ૩ ) વર્ષ

**૭ . શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

( ૧ ) રીંગણને બાફી-શેકીને બનાવતું શાક

( ૨ ) શુભ થાઓ તેવી ઈચ્છા

**૮ . શબ્દો સામે તેમની સાથે વપરાતો યોગ્ય શબ્દ શોધીને લખો.**

( દડો . ગોટી , હાર )

( ૧ ) ફૂલોનો ( ૨ ) સાબુની ( ૩ ) દોરીનો

**૯ . શબ્દોનાં અર્થ ગુજરાતીમાં લખો .**

( ૧ ) HEALTHY ( ૨ ) WOOL ( ૩ ) SPIDER ( ૪ ) HYMM

૧૦. જોડકા જોડો.

| અ | બ |
|---|---|
| ગોવર્ધનરામ ત્રિપાઠી | ગુજરાતનો નાથ |
| ક.મા.મુન્શી | હિમાલયનો પ્રવાસ |
| કાકાસાહેબ કાલેલકર | સરસ્વતીચંદ્ર |

## વિભાગ- ઘ

**પ્ર.૪ નિર્દેશાનુસાર પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. કયા પ્રકારની કસરત કરવી જોઈએ ?

૨. પારસી લોકો કઈ કઈ વસ્તુને શુકનિયાળ માને છે ?કેમ ?

૩. ગમે ત્યાં કચરો નાખવાથી શું થાય છે ?

૪. ઊંટ ખાવાનું ચાવવાને બદલે કેમ ગળી જાય છે ?

૫. પારસીઓના નવા વર્ષની ઉજવણી કેટલા દિવસે પૂરી થાય છે ?

૬. ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કોને કરી અને તે લેખક શું લખતા ?

૭. ઊંટનું આયુષ્ય કેટલા વર્ષનું હોય છે ? આ સમય દરમ્યાન ઊંટડી કેટલા બચ્ચાં ને જન્મ આપે છે ?

**પ્ર.૫ ટૂંક નોધ લાખો.**

૧. શારીરિક તંદુરસ્તી

૨. ક.મા.મુન્શી

પ્ર.૬ કવિતા માંથી ભાવ દર્શાવતી પંક્તિ લખો.

બહુ મેહનત કરવા છતાં ફળ મળ્યું નહીં

--------------------

-----------------------------

●●●